

## આપણી આસપાસ

★ મિત્તલ પટેલ

# પાંચ હજારમાં લગ્ન થઈ જાય!

**આજથી તમારી દીકરી મારી. એના દુઃખમાં પંચ પહેલા ઊભું રહેશે એવું વચન આપે ને પછી કન્યાનાં વળામણાં થાય. આ વચનના લીધે કદાચ ફૂલવાદી સમુદાયમાં એક પણ છૂટાછેડાનો કેસ નથી**

''બેન વસાહતમાં લગન છે તમે ખાસ પધારજો.'' બનાસકાંઠાના કાકરગામની ફૂલવાદી વસાહતના આગેવાન ભગાબાનો ફોન આવ્યો. લગ્ન ક્યારેનું પૂછ્યું ને એમણે પંદર દાડા કેડેનું કહ્યું તારીખ એ ન કહી શક્યા ને મારે પંદર દાડા ગણવા રહ્યા.

થોડા દિવસ પછી ફોન આવ્યો ને કહ્યું, ''બેન પરમે પધારજો'' અને અમે નિર્ધારિત દિવસે સવારે વસાહતમાં નાત પંચાયત જ્યાં બેઠી હતી ત્યાં પહોંચ્યાં. પંચાયતના આગેવાનો સામે લગભગ સત્તર વરરાજા પોતાના પરંપરાગત પોશાકમાં ભોંય પર બેઠા હતા. વરરાજાની પાછળ એમના કુટુંબના પુરુષો, સગાંવહાલાં બેઠાં હતાં. આ બધાંને નાતના આગેવાનો લગ્ન સંસ્કાર વિષે સમજાવી રહ્યા હતા. બધા જ વરરાજાએ ધોતિયું, પહેરણ અને માથે પાઘડી પહેરેલી. કેટલાકે પાઘડીની અંદર લાઈટો કરેલી. મોટાભાગના વરરાજાના પગમાં ફૂલવાદી પહેરે તેવી મોજડી, ગળામાં પિત્તરપાનનો હાર અને હાથમાં તલવાર હતી. મહેંદી પણ ઘણાએ કરેલી. વળામણાં ચાર વાગે ત્યાં સુધી આરામ કરોનું ભગાબાએ કહ્યું ને સૌ વિખરાયા.

લગ્ન ક્યારે એવું ભગાબાને પૂછ્યું તો એમણે કહ્યું, એ તો રાતના પતી ગયા. મને નવાઈ લાગી. મેં કહ્યું, ''મારે લગ્ન જોવા હતા.'' બાએ કહ્યું, ''એમાં ખાસ જોવા જેવું નહીં.'' એમ કહીને એમણે અરવિંદને બૂમ પાડી અને મને કોઈના ઘરે લઈ જવા કહ્યું. અરવિંદ સાથે અમે વસાહતમાં જવા નીકળ્યાં ત્યારે ખ્યાલ આવ્યો કે, આખી વસાહતમાં પરણવાલાયક યુગલોના લગ્ન વર્ષમાં એક જ દિવસે થાય. દરેકને ઈચ્છા થાય એ પ્રમાણે મુહૂર્ત જોવડાવી જુદી જુદી તારીખે લગ્નો ન થાય. મંડપ મુહૂર્ત લગ્નના 12-15 દિવસ પહેલાંનું નીકળે. આ મુહૂર્ત નીકળ્યા પછી જેમના લગ્ન થવાના તે વરકન્યાને દરેક માતાપિતા પોતાના ઘર આગળ એક અલાયદું છાપરું કરી આપે. જે ચારે બાજુથી ઢાંકેલું હોય. એમાં પ્રકાશ ક્યાંયથી પણ દાખલ ન થઈ શકે. આ છાપરામાં લગ્નવાંચ્છુ એકલા રહે. વરકન્યાને કૂબામાંથી બહાર નીકળવાની મનાઈ. કુદરતી હાજત માટે જઈ શકે પણ એ વખતે ઘરમાંથી કોઈ વડીલ સાથે રહે. મુહૂર્ત નીકળ્યાના દિવસથી લાડાલાડીને પીઠી ચોળવાનું કુટુંબીજનો શરૂ કરે. રોજ સવારે એમને પીઠી ઘસવામાં આવે પણ નાહવાનું ન થાય. નાહવાનું જે દિવસે લગ્ન થવાના હોય તે દિવસે સાંજે થાય.

અરવિંદે આ વાત કરી અને અમને એક પ્લાસ્ટિકથી ઢંકાયેલા કૂબા પાસે લઈ ગયો. કૂબા બહાર છાપરું હતું ત્યાં બહેનો બેઠાં હતાં. એ બહેનોને અરવિંદે બહેનને લાડી બતાવોનું કહ્યું ને એક બહેન મીણિયાને જરાક ઊંચું કરી અમને કૂબામાં લઈ ગઈ. કાળા પ્લાસ્ટિકથી ગોળ આકારમાં આખું છાપરું ઢાંક્યું હતું. જમીન સુધી પ્લાસ્ટિક અડતું હતું. ખાલી એક બાજુ જમીનથી થોડું ઊંચું પ્લાસ્ટિક કરેલું જેના લીધે કૂબામાં આછો પ્રકાશ આવી રહ્યો હતો. આ આછા પ્રકાશમાં અમે છીંકણી રંગના કપડાં પહેરેલી કન્યાને જોઈ. એણે સરસ રીતે પોતાના વાળ ઓળ્યા હતા. વાળમાં એણે ઢગલો પીનો નાખી હતી. ગળામાં એણે ઈમીટેશનનો અને ફૂલવાદી હાથ બનાવટના પહેરે તેવા હાર પહેર્યા હતા. એની સાથે એની બહેનપણીઓ અને એક મોટી ઉંમરવાળા બહેન બેઠાં હતાં. સખત ગરમી લાગી રહી હતી. કન્યાને આશીર્વાદ આપી અમે છાપરાંમાંથી બહાર આવ્યાં. અરવિંદે અમને લગ્નની ચોરી બતાવી. માટીના ઘડુલાઓની ઉતરખેડ ચોરીની ચારે બાજુ ગોઠવી હતી. ઉપરાઉપરી ગોઠવેલા ઘડુલા પડી ન જાય એ માટે ત્રણ લાકડાંની વચ્ચે ઉતરબેડને સૂતળીથી બાંધેલી. ચોરી કે આપણે જેને લગ્નમંડપ કહીએ તેની ઉપર ક્યાંય મંડપ નહોતો પણ એની બરાબર વચમાં ગોદડું પાથરેલું હતું. જેની ઉપર વરરાજા બેઠા હતા અને એની બાજુમાં અણવર. બાકી કોઈ માણસ ત્યાં નહોતા. વળી ચોરીમાં ક્યાંય અગ્નિની સાક્ષીએ લગ્ન થયાનું પણ ન જોયું.

ફેરા અગ્નિની સાક્ષીએ લેવાય કે કેમ તે અંગે અરવિંદને પૂછ્યું તો એણે કહ્યું, ''અમે તો કુદરતની સાક્ષીએ ફેરા ફરીએ. લગ્નવિધિ માટે બ્રાહ્મણને બોલાવવાનું ન કરે. બસ ઈશ્વરની સાક્ષીએ ફેરા થાય એટલે લગ્ન થઈ ગયા. આપણે ત્યાં લગ્ન લેવાય એટલે મંડપ નંખાય પણ અમે જેટલી પણ કન્યાના ઘરે ગયા તેમાંની એક પણ કન્યાના ઘરે અમે મંડપ ન જોયો. આંગણામાં પ્રવેશતા બે વાંસને ઊભા ગોઠવેલા ને એની ઉપર એક આડો વાંસ જેના પર આસોપાલવનું તોરણ બાંધેલું. આ તોરણ કે પ્રવેશદ્વારા પર વરરાજા લગ્ન માટે આવે ત્યારે ઊભા રહે ને સાસુ એમને પોખે. તોરણ જે ઘર આગળ બંધાયાં હોય એ ઘર લગ્નવાળું એ સમજી જવાનું. બાકી જાન પણ ન દેખાઈ. કાકરગામમાં ફૂલવાદી સમુદાયના 300 ઘર. લગ્ન પણ અલગ અલગ પેટાજાતિમાં પણ વસાહતની અંદર જ થાય. એટલે જમીને નિરાંતના સમયે રાતે જાન લઈને જાનૈયા કન્યાના ઘરે આવે ને લગ્ન પતાવીને સૌ પાછા ઘરે જતા રહે. માત્ર લાડો અને અણવર રાતના રોકાય. જમણવાર પણ ન હોય. બીજા દિવસે લાડા અને અણવરને ચા મળે ને બપોરે ખીચડી, શાક. આ સિવાય કોઈનેય જમાડવાના ન થાય.

અમે વસાહતમાં અલગ અલગ જગ્યાએ ફરી રહ્યાં હતાં. ઘણી જગ્યાએ અમે લાડાને ઝાડ નીચે કન્યાના આંગણામાં બેઠેલા જોયા. કોઈ નખ રંગી રહ્યું હતું તો કોઈ બસ વાતો. લગ્નનો માહોલ લાગતો હતો પણ ખર્ચની દૃષ્ટિએ વિચારીએ તો પાંચેક હજારમાં લગ્ન થઈ જાય. શેરવાની એક પણ લાડાએ પહેરી નહોતી. અરવિંદના કહેવા પ્રમાણે એ માટે નાતે બંધો કર્યો છે એટલે પરંપરાગત પહેરવેશમાં જ લગ્ન થાય.

અમે વસાહતમાં ઘણું ફર્યાં, જમ્યાં. વળામણાંનો સમય થયો. નાતપંચના આગેવાનો દરેક દીકરીના ઘરે ગયા. દીકરીનાં વળામણાં પહેલાં કન્યાની મા ચોખા અને કાચલી સૂપડામાં ભરીને નાતપંચના આગેવાનના ખોળામાં આપે. આગેવાનો એ લઈને આજથી તમારી દીકરી મારી. એના દુઃખમાં પંચ પહેલા ઊભું રહેશે એવું વચન આપે ને પછી કન્યાનાં વળામણાં થાય. આ વચનના લીધે કદાચ ફૂલવાદી સમુદાયમાં એક પણ છૂટાછેડાનો કેસ નથી. ટંટો થાય તો નાતપંચ દીકરીની તરફેણમાં જ હોય. આપણે જેમને પછાત માનીએ તે સમાજ પાસેથી આપણે સૌએ ઘણું શીખવા જેવું છે એવું આ લગ્ન માહલ્યા પછી લાગ્યું.

# કચ્છની કથા અને 'પાંજે બાપાજો કુરો?'



## ઘટ ઘટ પાની

★ માવજી મહેશ્વરી

આવનારી અષાઢી બીજના રોજ કચ્છી નવું વર્ષ ઉજવાશે. કચ્છની ભૂમિ કેટલી મહાન છે તેના ગુણગાન ગવાશે. પણ કચ્છની અંદરની સ્થિતિ શું છે તે વિશે બહુ ઓછા લોકો જાણે છે. વર્તમાન કચ્છનો નકશો કુદરતે અનેકવાર બદલ્યો છે. આ વિસ્તારનો આઝાદી પહેલા જમીની સંબંધ વર્તમાન ગુજરાત કરતા વર્તમાન પાકિસ્તાન સાથે વધારે હતો. કારણ કે અત્યારનું સુરજબારી પુલ ન્હોતો ત્યારે અહીંની પ્રજાનો સંબંધ સિંધ પ્રદેશ સાથે હતો. એટલે જ કચ્છની સંસ્કૃતિ ગુજરાત કરતા જુદી છે. 45462 વર્ગ કિલોમીટરનું ક્ષેત્રફળ ધરાવતા આ પ્રદેશનો અર્ધોઅર્ધ વિસ્તાર ખારોપાટ છે. જેને કચ્છનું રણ કહે છે. રણ શબ્દ આવે એટલે રેતીના ઢુવા કલ્પનામાં આવે. પણ કચ્છનું રણ Desert નથી. તે ખારોપાટ છે. રણના અર્ધા વિસ્તારમાં મીઠું પથરાઈ જાય છે જે આજકાલ સફેદરણ તરીકે જાણીતું છે. આ સફેદ રણે ગુજરાતના પ્રવાસન વિભાગ અને ધંધાર્થીઓને કરોડો રુપિયા કમાવી આપ્યા છે. કોઈ સમયે સિંધૂ નદીનો નરા નામનો એક ફાંટો કચ્છમાંથી વહેતો હતો અને લખપત પાસે દરિયાને મળતો હતો. તે વખતે લખપત જુદું હતું અને કચ્છ જુદું હતું. પણ એ દરમિયાન બે ઘટનાઓ બની. એક માનવ સર્જિત હતી અને બીજી કુદરતી. સિંધના અમીર રાજવી ગુલામશાહ કલોરાએ ઝારાનું યુધ્ધ જીત્યા પછી તેની સાથે થયેલી છેતરપીંડીની દાઝમાં કચ્છમાં આવતું સિંધુ નદીનું પાણી અટકાવી દીધું. એના થોડાં જ વર્ષો પછી 1819મા વિનાશક ભૂકંપ આવ્યો. ભૂકંપને કારણે સિંધુ તરફની જમીન ઊંચી થઈ ગઈ પરિણામે લખપત આવતો સિંધુ નદીનો ફાંટો સમુળગો સુકાઈ ગયો. સિંધૂનું વહેણ બદલાયું તેથી અત્યારનો અબડાસા અને લખપત તેમજ બન્ની વિસ્તાર વેરાન બની ગયા. તે પછીના વર્ષોમાં કચ્છ ઉપર દુષ્કાળનો ઓછાયો સતત છવાયેલો રહ્યો છે. એ બાજુની વેપારી વસ્તી સ્થળાંતર કરી ગઈ. કચ્છમાં લીલીછમ્મ વાડીઓ છે તો સુક્કોભઠ વિસ્તાર પણ છે. સપાટ મેદાનો છે તો ડુંગરાળ ભુમિ પણ છે. રણ વિસ્તાર છે તો સાગરનો ઘૂઘવાટ પણ છે. આમ કુદરતના અનેક સ્વરુપો ધરાવતી આ ભુમિનો માણસ સદાય વિશ્વાસુ અને ઉદાર રહ્યો છે. અહીં કાંટાળા વૃક્ષો જરૂર છે પણ કંકાસના બી નથી. શરુઆતથી જ કચ્છમાં ત્રીજા ભાગની વસ્તી મુસ્લીમોની રહી છે પણ ક્યારે અહીં સામાજિક સમરસતા ખોરવાઈ નથી. 2002ના ગુજરાતના કોમી તોફાનો વચ્ચે પણ કચ્છમાં શાંતિ જળવાઈ રહી હતી.

**કચ્છનું રણ Desert નથી. તે ખારોપાટ છે. રણના અર્ધા વિસ્તારમાં મીઠું પથરાઈ જાય છે જે આજકાલ સફેદરણ તરીકે જાણીતું છે. આ સફેદ રણે ગુજરાતના પ્રવાસન વિભાગ અને ધંધાર્થીઓને કરોડો રુપિયા કમાવી આપ્યા છે**

કચ્છ આઝાદી પહેલા આઠસો જેટલા વર્ષો જાડેજા રાજપુતોની સત્તા હેઠળ રહ્યો છે. 1લી જૂન 1948ના રોજ કચ્છ ભારત સંઘમાં ભળ્યું. તે વખતે તેને 'ક' વર્ગના રાજ્યનો દરજ્જો મળ્યો હતો. તેનો વહીવટ કેન્દ્ર સરકારના કમિશ્નર દ્વારા ચાલતો. તે પછી બૃહદ મુંબઈ રાજ્ય બનતા તે મુંબઈ રાજ્યનો એક જિલ્લો બની રહ્યો હતો. તે વખતે કચ્છનો વહીવટ રાજકોટથી ચાલતો. 1લી મે 1860થી સ્વતંત્ર ગુજરાત રાજ્ય અસ્તિત્વમાં આવતા કચ્છ ગુજરાતનો એક જિલ્લો બન્યો. ચોંસઠ વર્ષ પછી પણ આજે કચ્છ એક જિલ્લો છે જે 1960માં હતો. છેલ્લા ત્રીસ વર્ષમાં ગુજરાતમાં નાના જિલ્લા બન્યા છે. અરે! અમુક જિલ્લાનું ક્ષેત્રફળ તો ભુજ તાલુકા કરતા પણ ઓછું છે. આ સ્થિતિ અત્યંત વિચિત્ર છે જેનો ચોંસઠ વર્ષમાં કોઈને વિચાર નથી આવ્યો. રાજકીય સત્તાઓ તો પ્રજાની માગણી વગર બહુ કશું કરતી નથી પણ કચ્છની પ્રજાએ કદી પોતાને પડતી અગવડો માટે અવાજ તેજ કર્યો નથી. આજ સુધી કચ્છના રાજકીય નક્શામાં ફેરફાર કરવાનો વિચાર સરકારે કર્યો નથી અને પ્રજાને પડી નથી. વિચાર કરો કે કચ્છના એક છેડેથી પ્રવેશી બીજે છેડે પહોંચતા દસ કલાક જેટલો સમય લાગે છે, છેવાડાના વિસ્તારોમાંથી ભુજ આવતા પાંચ કલાક લાગી જાય છે. છતાં નાના જિલ્લાઓ બનાવી બેસનાર ગુજરાતના મહાન ગણાઈ ગયેલા મુખ્યપ્રધાનો કે અન્ય રાજનેતાઓને કચ્છના માણસની હાલાકી દેખાતી નથી. જોકે કચ્છમાં એવો કોઈ રાજનેતા નથી જે આ દિશામાં વિચારે. ઉલ્ટાનું 2009થી સંસદીય મતવિસ્તારના સીમાંકનો બદલતાં મોરબી તેમજ વાંકાનેર વિસ્તાર કચ્છના સંસદીય મત વિસ્તારમાં સમાવાયા છે.

1952માં યોજાયેલી ભારતની પહેલી સંસદની ચૂંટણી વખતે કચ્છની વસ્તી માંડ પાંચ લાખની હતી. તે છતાં પૂર્વ કચ્છ અને પશ્ચિમ કચ્છ એમ બે સંસદીય બેઠકો હતી. જ્યારે આજે એક જ બેઠક છે. આડેસર કે નારાયણ સરોવરથી પોતાના કામ માટે પાટનગર આવવા નીકળેલો માણસ પાંચ છ કલાકે ભુજ પહોંચે. અને જ્યારે તેને કોઈ કહે કે સાહેબ નથી તમે કાલે આવજો. ત્યારે એ માણસની સ્થિતિ શી થતી હશે એનો અંદાજ કોઈને આવતો નથી. કચ્છમાં એક કહેવત છે, 'પાંજે બાપા જો કુરો' (આપણાં બાપનું શું?) કચ્છ વિશે રોચક કલ્પના લઈને આવતો પ્રવાસી જાણતો નથી કે કચ્છની આંતરિક સ્થિતિ કેવી છે.